| તાપમાન | મહત્તમ | લઘુતમ |
|---|---|---|
| નવસારી | ૩૫.૦° સે. | ૨૪.૦° સે. |
| આહવા | ૪૦.૦° સે. | ૨૫.૦° સે. |
| વલસાડ | ૩૪.૦° સે. | ૨૧.૦° સે. |
| વાપી | ૩૪.૦° સે. | ૨૧.૦° સે. |

**એક તરફ મંદીનો માહોલ તો બીજી તરફ હીરા ઉદ્યોગના વેપારીઓએ રત્નકલાકારોના વેતનમાં ઘટાડો કરી દીધો**

હીરા ઉદ્યોગમાં મંદીનું ગ્રહણ

# સુરતના રત્નકલાકારોની હડતાળના પડઘા નવસારીમાં પડ્યા

**નવસારીમાં** સહજાનંદ એક્સપોર્ટના રત્નકલાકારો વેતનમાં ભાવ વધારાની માંગ સાથે હડતાળ પર ઉતર્યા

**રત્નકલાકારોએ** જુના ભાવ પ્રમાણે વેતન ચુકવવા માટેની માંગ કરી

જેણે આવવું હોય તે આવો, ભાવ વધારો થવાનો નથી, ભલે કંપનીને તાળા મારવા પડે : શેઠ



નવસારી : નવસારીમાં સહજાનંદ એક્સપોર્ટના રત્નકલાકારો જુના ભાવ પ્રમાણે વેતન ચુકવવા માટેની માંગ કરી હડતાળ પર ઉતર્યા છે. ત્યારે સુરતમાં હડતાળ પર ઉતરેલા રત્નકલાકારોના પડઘા નવસારીમાં પણ પડ્યા છે.

છેલ્લા ઘણા સમયથી હીરા ઉદ્યોગમાં મંદીનું ગ્રહણ લાગ્યું છે. ડાયમંડ સીટી કહેવાતા સુરતમાં પણ મંદી જેવો માહોલ છે. ત્યારે નવસારીમાં પણ ઘણા લોકો હીરા ઉદ્યોગ ઉપર નિર્ભર છે. પરંતુ નવસારીના હીરા ઉદ્યોગમાં મંદીનું વાતાવરણ છવાયું છે. જે વાતાવરણ હટવાનું નામ લેતું નથી. એક તરફ મંદીનો માહોલ છે. તો બીજી તરફ હીરા ઉદ્યોગના વેપારીઓએ રત્નકલાકારોને મળતા વેતનમાં ઘટાડો કરી દીધો છે. જેના પગલે સુરતના રત્નકલાકારો હડતાળ પર ઉતર્યા છે. ત્યારે સુરતમાં રત્નકલાકારોની હડતાળના પડઘા નવસારીમાં પણ પડ્યા છે.

નવસારીમાં શાંતાદેવી ખાતે આવેલી સહજાનંદ એક્સપોર્ટ ડાયમંડ કંપની આવેલી છે. જ્યાં પહેલા રત્નકલાકારોને તળીયાના દસ રૂપિયા, મથાળાના આઠ રૂપિયા અને પેલના સાડા છ રૂપિયા ચુકવવામાં આવતા હતા. પરંતુ હીરા ઉદ્યોગમાં આવેલી મંદીના કારણે ડાયમંડ કંપનીના સંચાલકો રત્નકલાકારોને તળીયાના સાડા આઠ રૂપિયા, મથાળાના સાડા છ રૂપિયા અને પેલના સાડા પાંચ રૂપિયા પ્રમાણે વેતન ચુકવવામાં આવે છે. જોકે હીરામાં તેજી આવવાની આશાએ રત્નકલાકારો ઓછા ભાવમાં કામ કરી રહ્યા હતા. પરંતુ સુરતના રત્નકલાકારો હડતાળ પર ઉતરતા જ નવસારીના રત્નકલાકારો પણ જુના ભાવ મુજબ વેતન ચુકવવાની માંગ સાથે હડતાળ પર ઉતરી કામથી અળગા રહ્યા હતા. જેથી જ્યાં સુધી જુના ભાવ મુજબ વેતન ચુકવવામાં નહી આવે ત્યાં સુધી હડતાળ પર રહેવાની ચીમકી રત્નકલાકારોએ ઉચ્ચારી છે.

## રત્નકલાકારોનું શોષણ થાય છે : નિમેશભાઈ

સહજાનંદ એક્સપોર્ટ કંપનીમાં કામ કરતા રત્નકલાકાર નિમેશભાઈએ જણાવ્યું હતું કે, અમારી કંપનીના શેઠ બીજી જગ્યાએ ઘંટી નાંખી કારીગરો પાસેથી કામ લઈ રહ્યા છે. જ્યાં કારીગરોને જુના ભાવ પ્રમાણે જ રૂપિયા ચુકવવામાં આવે છે. જેથી સહજાનંદ કંપનીમાં કામ કરતા કારીગરોને ઓછો ભાવ ચુકવવામાં આવે છે. જેથી આજે અમે બધા રત્નકલાકારો જુના ભાવ પ્રમાણે વેતન ચુકવવામાં આવે તે માટે હડતાળ પર ઉતર્યા છે. અમને કંપનીના શેઠ મળવા આવ્યા ત્યારે તે અમને કહી ગયા કે, જેણે આવવું હોય તે આવો, ભાવ વધારો થવાનો નથી, ભલે કંપનીને તાળા મારવા પડે. આ સિવાય કંપનીના શેઠ પીવાના પાણીની સુવિધા તેમજ પંખા લગાવેલા હતા તે પણ કાઢી નાંખી અમારું શોષણ કરી રહ્યા હોવાના આક્ષેપો કર્યા છે.

## આર્થિક ભીંસમાં આવી રત્નકલાકાર યુવાને આપઘાત કર્યો હતો

નવસારી : જલાલપોર પારસી ચાલમાં રહેતા ચિરાગભાઈ બળવંતભાઈ ભંડારી (ઉ.વ. 34) હીરાના કારખાનામાં કામ કરતા હતા. છેલ્લા ઘણા સમયથી હીરા ઉદ્યોગમાં મંદી હોવાથી ચિરાગભાઈ આર્થિક ભીંસમાં મુકાયા હતા. જેના કારણે ગત 30મી માર્ચે ચિરાગભાઈએ જલાલપોર સંતોષીમાતાના ઓવારા પાસે નદીના ઊંડા પાણીમાં મોતની છલાંગ લગાવી આપઘાત કરી જીવન ટૂંકાવી લીધું હતું.

# થોડા દિવસના બ્રેક બાદ ફરી ગાંધીનગરની ટીમના ચીખલીની સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં ધામા

**અગાઉની** તપાસમાં નીકળેલી ૨૨ લાખ રૂપિયાની ગેરરીતિની રકમ વધવાની શક્યતા

**ઉચાપત** કર્મચારીઓના પગારની રકમમાંથી કરાઈ હોવાનું બહાર આવ્યું



ઘેજ : ચીખલીની સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં થોડા દિવસની બ્રેક બાદ ફરી ગાંધીનગરની ટીમ દ્વારા ધામા નાંખી તપાસ હાથ ધરવામાં આવતા હોસ્પિટલ વર્તુળમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. અગાઉની તપાસમાં નીકળેલી ૨૨ લાખ રૂપિયાની ગેરરીતિની રકમ વધવાની શક્યતા પહેલીથી જ સેવાઈ રહી હતી.

એ.જી.રાજકોટના ઓડિટ દરમ્યાનની સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં મોટી રકમની ઘાલમેલ થઈ હોવાનું બહાર આવ્યા બાદ વિતેલા અઠવાડિયામાં ગાંધીનગરની ટીમે રાત્રિ દરમ્યાન આવી પહોચી સતત ત્રણેક દિવસ કોમ્પ્યુટર અને કાગળો ફંગોળી ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં છેલ્લા દસ વર્ષથી કારકુન તરીકે કરાર આધારિત ફરજ બજાવતા કર્મચારી દ્વારા એક જ બીલને બે વખત મૂકી ૨૨ લાખ રૂપિયાની આસપાસની રકમ ઉચાપત કરી હોવાનું બહાર આવ્યુ હતુ. જો કે આ કરાર આધારિત કર્મચારી તપાસ ટીમ આવે તે પૂર્વે જ ભૂગર્ભમાં ઊતરી ગયો હતો. ત્રણેક દિવસની તપાસ બાદ ટીમ રવાના થઈ ગઈ હતી પરંતુ ત્યારે જ ઉચાપતની રકમ વધવાની શક્યતા જોવાઈ રહી હતી.

## એક કર્મચારી એકલો આટલી મોટી રકમની ઘાલમેલ કરે તે શક્ય નથી

આ દરમ્યાન થોડા દિવસના અંતરાલ બાદ ફરી સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં ગાંધીનગરની ટીમ આજે આવી પહોચી હતી અને તપાસ આગળ વધારી છે. આ ઉચાપત કરાર આધારિત કર્મચારીઓના પગારની રકમમાંથી કરાઈ હોવાનું બહાર આવ્યું છે અને આ હોસ્પિટલના તાબામાં ટાંકલ, રૂમલા અને ખેરગામની રેફરલ હોસ્પિટલ પણ આવતી હોય કરાર આધારિત સ્ટાફની સંખ્યા પણ વધુ હોય ઉચાપતની રકમ વધવાની શક્યતા છે. પરંતુ એક કરાર આધારિત કર્મચારી એકલો આટલી મોટી રકમની ઘાલમેલ કરે તે શક્ય જણાતું નથી ત્યારે આ સમગ્ર ગેરરીતિમાં બીજા અધિકારી કે કર્મચારીઓની સંડોવણી હતી કે કેમ? અને પગાર સિવાય કોઈ બીજી ગ્રાન્ટમાંથી પણ ઉચાપત કરવામાં આવી છે કે કેમ?આ બાબત હોસ્પિટલ અધિક્ષકના ધ્યાનમાં કેમ ન આવી?તે સમગ્ર હકીકત બહાર આવે તે જરૂરી છે. જો કે આ તપાસ હજુ ઘણા દિવસો ચાલશે તેમ લાગી રહ્યુ છે.



# આવતા મહિને લગ્નપ્રસંગ અને ઘરમાં આગ લાગતા અનાજ, કપડાં રોકડ બળીને ખાક

**કપરાડાના** બારપુડા ગામમાં ખેડૂતના ઘરમાં આગ ફાટી નીકળતા ભરઉનાળે પરિવાર રસ્તા ઉપર આવી ગયો

વલસાડ : કપરાડા તાલુકાના બારપુડા ગામના ધુરાપાડા ફળિયા ખાતે સાજન જોગારેના ત્રણ ગાળાના ઘરમાં આગ ફાટી નીકળતા સંપૂર્ણ ઘર બળીને ખાક થતાં ભરઉનાળે પરિવાર રસ્તા ઉપર આવી ગયું છે. જોકે ઘટના સમયે પરિવાર ઘર બહાર હોઈ બચાવ થયો હતો. ઘટનામાં સૌથી મોટી બાબત હતી કે, ઘરમાં આવતા મહિને બે સંતાનના લગ્ન હોઈ અનાજ, રોકડ રકમ પણ બળી ગયા છે. ઘટનાની માહિતી મળતા જ જિલ્લા પંચાયત સભ્ય મીનાક્ષી ગાગોડેએ આગેવાનો સાથે પહોચી પરિવારને સાંત્વના આપી સહાયની ખાતરી આપી હતી. આગ લાગતા ઘરમાં મુકેલી રોકડ રકમ, ઉપરાંત તુવેર, અનાજ, અડદ સહિત કપડાં બળી ગયા હતા. કપરાડા તાલુકા ઇન્ચાર્જ તા.વિ.અ સુનિલ ગાવિતે જણાવ્યું કે પરિવારને સહાય જલદીથી મળે તે પ્રકારની કાર્યવાહી હાથ ધરાઇ છે.

**નવસારી મનપાના કર્મચારીઓ પોલીસની ધમકી આપીને બેફામ બોલી ગયાના વેપારીઓના આક્ષેપ**

# નવસારીમાં દબાણ હટાવવા મનપાની કડક સૂચના

**મોટાબજારના** વેપારીઓએ મનપાના ઓચિંતા ત્રાસ માટે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું

**કેટલાક** વેપારીઓનું તેમની દુકાનના નામનું બોર્ડ મૂકી કરેલું દબાણ મનપાએ દુર કર્યું



નવસારી : નવસારીમાં દબાણ કરનાર વેપારીઓને નવસારી મનપાના અધિકારી-કર્મચારીઓએ દબાણ હટાવવા માટે કડક સુચના આપી દીધી છે. તેમજ કેટલાક વેપારીઓએ તેમની દુકાનના નામનું બોર્ડ મૂકી કરેલું દબાણ દુર કર્યું છે. ત્યારે મોટાબજારના વેપારીઓએ મનપાના ઓચિંતા ત્રાસ માટે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું છે.

નવસારીના મોટાબજારમાંથી વિરાવળ થઈ સુરત તરફ જવાના રસ્તા પરથી રોજ હજારો વાહનો પસાર થાય છે. ત્યારે મોટાબજારમાં ઘણી નાની-મોટી દુકાનો આવી છે. જે દુકાનોના વેપારીઓ દ્વારા તેમની દુકાનના નામના બોર્ડ તેમજ ચીજવસ્તુઓ બહાર મુકવામાં આવે છે. તેમજ દુકાનોમાં ખરીદી કરવા આવતા ગ્રાહકો તેમના વાહનો રસ્તા પર પાર્ક કરી દેતા ટ્રાફિક જામની મોટી સમસ્યા સર્જાય છે.

જેથી આજે નવસારી મહાનગરપાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓ નવસારીના મોટાબજાર, ચાંદની ચોક તેમજ અન્ય મુખ્ય રસ્તા પરના વિસ્તારોમાં દબાણ હટાવવા માટે પહોચ્યા હતા. જ્યાં મનપાના અધિકારી-કર્મચારીઓએ જે દુકાનના બોર્ડ બહાર મુક્યા હોય તેમજ ચીજવસ્તુઓ બહાર મૂકી હોય તે કબ્જે લઈ લીધી હતી. સાથે જ દુકાનના વેપારીઓને તેમની મિલકતની જગ્યા સિવાયની બહારની જગ્યા ઉપર કબ્જો કર્યો હોય તો તેઓને દબાણ દુર કરવા માટે કડક સુચના આપી દીધી છે. ત્યારે નવસારી મનપાના કડક વલણને પગલે દુકાનના વેપારીઓમાં ફફડાટ ફેલાયો છે.

## બોર્ડ તાત્કાલિક હટાવો નહીં તો અમે તોડી નાંખીશું

નવસારી મનપાની કડક કાર્યવાહી બદલ મોટાબજારના વેપારીઓએ નવસારી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું છે. જેમાં તેમણે જણાવ્યું હતું કે, નવસારી મહાનગરપાલિકાના કેટલાક કર્મચારીઓ દ્વારા ધંધાના સ્થળે મોટાબજાર વિસ્તારમાં આવીને બેફામ ગમે તેમ બોલીને દુકાનના બોર્ડ તાત્કાલિક હટાવો અને તમારા બોર્ડ તમે નહીં હટાવો તો અમે તોડી નાંખીશું. નવસારી મહાનગરપાલિકા દ્વારા કંઈ બાબતનું નડતર રસ્તામાં છે કે તેમને શું વાંધો છે તે બાબતની કોઈ લેખિત નોટિસ કે મૌખિક જાણ કરવામાં આવી નથી. નવસારી મનપાના કર્મચારીઓ પોલીસની ધમકી આપીને ગમેતેમ બેફામ બોલી ગયા હોવાના આક્ષેપો કર્યા છે. જેથી આ બાબતે નવસારી મનપા પાસે ખુલાસો કરાવી નિવારણ લાવવાની માંગ કરી છે.

# બે-બે વાર આત્મહત્યા કરવા ગયેલા વલસાડ હાલરના આધેડને પોલીસે બચાવી લીધા

**પહેલાં** રેલવે સ્ટેશન પર ગયા જ્યાં પોલીસને જોઇ તેઓ હાલર તળાવ પર પહોંચ્યા ત્યાં પણ પોલીસે પહોંચી તેમને બચાવી લઇ પરિવાર સાથે મિલન કરાવ્યું

વલસાડ : વલસાડના હાલરમાં રહેતા એક આધેડ આત્મહત્યા કરવા માટે નિકળી ગયા હતા. નીજી કારણોસર તેઓ જીવનથી કંટાળ્યા હોય તેઓ સ્ટેશને પહોંચ્યા અને તેમના સંબંધીને સેલ્ફી મોકલી મોતને ભેંટતા હોવાની જાણ કરી હતી. જેની જાણ પોલીસને થતાં પોલીસ સત્વરે રેલવે સ્ટેશન પર પહોંચી જેમને જોઇ તેઓ હાલર તળાવ પર પહોંચ્યા અને ત્યાં પણ વલસાડ સિટી પોલીસ પહોંચી ગઇ અને તેમને પકડી તેમના પરિવાર સાથે તેમનો મિલાપ કરાવી આ પગલું ભરતા તેમને અટકાવ્યા હતા.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ વલસાડ હાલર વિસ્તારમાં રહેતા એક અનાવિલ પરિવારના 50 વર્ષના પુરુષ બે દિવસ અગાઉ પોતાના ઘરેથી રેલવે સ્ટેશન ગયા હતા. જ્યાં તેમણે સેલ્ફી લઈ તેમના સંબંધીને મોકલી આત્મહત્યાની વાત કરી હતી. જેના પગલે તેમના પરિવારને તેની જાણ થઈ અને તેમણે પોલીસને આ ઘટનાની જાણ કરી હતી. ત્યારે સિટી પોલીસ તાત્કાલિક રેલવે સ્ટેશન પહોંચી હતી. પોલીસને જોઈ તેઓ રેલવે સ્ટેશનથી નિકળી ગયા અને હાલર તળાવ પર આવી ગયા હતા. ત્યારે શહેરના સીસીટીવી ફૂટેજ જોઈ તેઓ હાલર તરફ ગયા હોવાનું જોઈ પોલીસ હાલર તળાવ તરફ પહોંચી હતી. જ્યાં પોલીસે તેમને પકડી તેમનું કાઉન્સિલિંગ કર્યું હતુ અને તેમને આંત્યિક પગલું ભરતા અટકાવ્યા હતા. ત્યારબાદ તેમના પરિવારજનો સાથે તેમનો મેળાપ કરાવી તેમની સમસ્યાનું નિરાકરણ લાવવા જણાવ્યું હતુ.

## સંક્ષિપ્ત સમાચાર

### હત્યાના પ્રયાસના ગુનામાં સંડોવાયેલા ત્રણ આરોપીની જામીન અરજી નામંજૂર

વલસાડ : ભીલાડમાં લૂંટ અને હત્યાના પ્રયાસના ત્રણ આરોપીની પોલીસે ધરપકડ કર્યા બાદ તેમણે જામીન પર છૂટવા વાપીની એડિશનલ સેશન્સ કોર્ટમાં જામીન માટે અરજી કરી હતી. આ અરજીની સૂનાવણી હાથ ધરાતા જજ ટી.વી.આહુજાએ ડીજીપી અનિલ ત્રિપાઠીની દલીલ ગ્રાહ્ય રાખી જામીન અરજી રદ કરતો હુકમ કર્યો હતો. ભીલાડ પોલીસ મથકે લૂંટ અને હત્યાનો પ્રયાસ કરનાર આરોપી નંદકુમાર અવધરાજ રાજપૂત, મિથિલેશ અવધરાજ રાજપૂત અને રાકેશ મુકેશભાઈ ડાવરિયાની ધરપકડ કરી હતી. આ ત્રણ આરોપીએ જામીન પર મુક્ત થવા વાપીની એડિશનલ સેશન્સ કોર્ટમાં કરેલી અરજી જજે નામંજૂર કરી દીધી છે.

### આગામી 3 એપ્રિલે ગુરુવારે વલસાડ પાલિકાની ખાસ સભા મળશે

વલસાડ : વલસાડ નગરપાલિકાની આગામી ખાસ સામાન્ય સભા 3 એપ્રિલને ગુરુવારે પાલિકા સભા ખંડમાં મળશે. આ સભા સવારે 11 કલાકે મળી રહી છે. જેમાં પાલિકાની વિવિધ કમિટીઓની રચના કરવામાં આવશે. વલસાડ પાલિકાના નવા પ્રમુખ માલતીબેન ટંડેલની અધ્યક્ષતામાં મળી રહેલી આ ત્રીજી સામાન્ય સભામાં ભાજપના ચૂંટાયેલા 41 સભ્યને વિવિધ કમિટીઓનું ચેરમેન પદ અને સભ્ય પદ અપાશે. જેની વહેંચણીને લઇ ફરીથી સસ્પેન્શન જોવા મળ્યું છે. આ સભામાં મલાઇદાર ગણાતી વોટરવર્કસ, એસ્ટાબ્લિસમેન્ટ, જાહેર બાંધકામ, ટાઉન પ્લાનિંગ જેવી કમિટી પર સૌની નજર છે. આ કમિટીના ચેરમેન કોને બનાવાય તેના માટે લોબિંગ પણ થઇ રહ્યું છે. જોકે, આ વખતે ભાજપ દ્વારા પાલિકામાં પોતાનું શાસન સુધારવા માટે યોગ્ય ઉમેદવારને યોગ્ય કમિટી અપાશે એવી એક ચર્ચા પણ ચાલી રહી છે.

### વર્ષ 2024-25માં 93.10 ટકા વેરા વસૂલાત સાથે ધરમપુર પાલિકા ગુજરાતમાં પ્રથમ ક્રમાંકે

ધરમપુર : ધરમપુર નગરપાલિકાએ 2024-2025ના વર્ષ દરમ્યાન 93.10 % વેરો વસુલી ગુજરાતમાં પ્રથમ નંબરે રહી નામ રોશન કર્યું છે. ચીફ ઓફિસર અને પ્રમુખ સાથે સંકલનમાં રહી ડોર ટુ ડોર વેરા વસુલાત કલેક્શન માટે 10 ટીમ બનાવી વેરા વસુલાત કરી હતા. વારીગૃહ, ફાયર, આરોગ્યની ટીમની સરાહનીય કામગીરીને ચીફ ઓફિસર તેમજ પાલિકા પ્રમુખ સહિત સભ્યોએ બિરદાવી હતી. ધરમપુર નગરપાલિકા દ્વારા એક કરોડ નેવું લાખ વેરો વસુલાત કરવામાં આવતા સામાન્ય આવક મિલકત નામફેર, આકરાણી પત્રક ફી વિગેરમાં 2024-2025 દરમ્યાન 50 લાખ રકમની આવક ધરમપુર નગરપાલિકાને થતા પાલિકાએ તમામનો આભાર વ્યકત કર્યો હતો.

# સરીગામની બેંકના કર્મચારીની OTP મેળવી ગ્રાહકો સાથે લાખો રૂપિયાની છેતરપિંડી

**કપટપૂર્વક** ગ્રાહકોના ઓટીપી મેળવી ક્રેડિટ કાર્ડમાંથી રકમ અન્ય એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી લીધી

ઉમરગામ : સરીગામની સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાની શાખામાં ક્રેડીટ ડિપાર્ટમેન્ટમાં કામ કરતા કર્મચારીએ કપટપૂર્વક ઓટીપી મેળવી ગ્રાહકો સાથે લાખો રૂપિયાની છેતરપિંડી કરતા પોલીસ ફરિયાદ નોંધાતા ચકચાર મચી છે.

ઉમરગામ તાલુકાના એકલેરે ગામના માતા ફળિયામાં રહેતા ફરિયાદી ચંદુભાઈ વસંતભાઈ પટેલ સરીગામની સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાની બ્રાન્ચમાં સેવિંગ એકાઉન્ટ ધરાવે છે અને ક્રેડિટ કાર્ડ પણ ધરાવે છે. તેના ક્રેડિટ કાર્ડની લિમિટ રૂપિયા પાંચ લાખ સુધીની છે. અગાઉ પ્રસંગમાં રૂપિયાની જરૂર પડતા ક્રેડિટ કાર્ડમાંથી રૂપિયા બે લાખ લીધા હતા. જે રકમ પૈકી 1,50,000 જમા કરાવી દીધા હતા અને બાકીના 50000 ભરી દીધા હતા. આમ બાકીની રકમ ભરી દીધી હોવા છતાં ક્રેડિટ કાર્ડ ડિપાર્ટમેન્ટ તરફથી વકીલ મારફતે નોટિસ આવી હતી. જેમાં 1,04,970 રૂપિયા ભરવાના બાકી હોવાનું જણાવી ફોન આવતા બેંકમાં ગયા હતા. જ્યાં કર્મચારી તહોમતદાર ધવલ અશોક સોલંકીને મળી લેટર બતાવી તેમને 'તમારી રકમ ભરપાઈ થઈ ગઈ હોવાનો લેટર છે. કહી અંગ્રેજીમાં લેટર લખાવી ગ્રાહકના મોબાઈલમાંથી ઓનલાઇન પ્રોસેસ કરી તમને ફોન આવવાનું બંધ થઈ જશે. કહેતા ફરિયાદીએ એનઓસી માંગતા પાછળથી એનઓસી મળી જશે તેમ જણાવ્યું હતું. જોકે ફરી મેસેજ અને ફોન આવતા કર્મચારી ધવલ સોલંકીનો સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે ક્રેડિટ કાર્ડ બંધ કરી દીધેલું છે. તમારે ક્રેડિટ કાર્ડની કોઈ રકમ ચૂકવવાની રહેતી નથી. જોકે ફોન તેમજ મેસેજ આવવાનું ચાલુ રહ્યું હતું અને કુલ 4,94,308 રૂપિયા ચૂકવવાના બાકી હોવાનું જણાવ્યુ હતુ. જેથી બેંકના કર્મચારી ધવલ સોલંકીએ ફરિયાદીને વિશ્વાસમાં લઈ કપટપૂર્વક ઓટીપી મેળવી ગ્રાહકના ક્રેડિટ કાર્ડમાંથી તેની જાણ બહાર અન્ય એકાઉન્ટમાં રૂપિયા 4,94,308 ઓનલાઇન ટ્રાન્જેક્શન કરી ક્રેડિટ કાર્ડ બંધ થઈ ગયાની એસબીઆઇના કાર્ડના ખોટા અને બનાવટી પત્રો આપી છેતરપિંડી કરી હતી. તેમજ કર્મચારી ધવલ સોલંકીએ અન્યો ઈસમો ઉપેન્દ્ર પટેલ (રહે સરઇ), સંદીપકુમાર (રહે સરીગામ), અબ્દુલ ખાન (રહે ભીલાડ), રૂપેશ જાદવ (રહે ભીલાડ), મહેશ વળવી (રહે માણેકપુર), ગોપન જોષી (રહે માંડા), અનિલ ગાંવિત (રહે ફણસા), શિવશંકર ક્રિષ્ના નંદન (રહે સરીગામ) તથા અન્ય સાથે પણ ક્રેડિટ કાર્ડમાંથી ઓનલાઈન ટ્રાન્જેક્શન કરી છેતરપિંડી કરી હતી. આ અંગે ભીલાડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે ધવલ અશોક સોલંકી વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ઉદવાડાની મહિલાના ખાતામાંથી ઓનલાઇન રૂપિયા 2.37 લાખ ઉપાડી લેવાયા

પારડી : પારડી તાલુકાના ઉદવાડા ગામમાં રહેતી એક મહિલાના એકાઉન્ટમાંથી કોઈ અજાણ્યા ઈસમે ઓનલાઇન ટ્રાન્જેક્શન કરી રૂપિયા 2.37 લાખ ઉપાડી છેતરપિંડી કરતા પારડી પોલીસ મથકમાં અજાણ્યા ઈસમ સામે સાઇબર ફ્રોડ અંગેની ફરિયાદ નોંધાઈ છે. ઉદવાડા ગામમાં સોડા વોટરવાલા ધર્મશાલા પાસે રહેતી હિલ્લાબેન દારાભાઈ કેકશું મરોલીયા પાસે કોઈ અજાણ્યા વ્યક્તિનો ફોન આવ્યો હતો. એમના ઉદવાડા એચડીએફસી બેંકના એકાઉન્ટમાંથી રૂપિયા 37,000 નિકાલા હૈ, એમ હિન્દીમાં વાત કરતો હતો. બાદમાં બીજા એકાઉન્ટમાંથી બે વખત એક લાખ રૂપિયા ઉપાડ્યા હોવાનું એમના મોબાઈલ પર મેસેજ આવ્યો હતો. જેથી તેઓએ બેંકમાં જાણ કરતા તેઓ સાથે ફ્રોડ થયો હોવાની જાણ થઇ હતી. જેથી તેઓએ તેમના એકાઉન્ટમાંથી રૂપિયા 2,37,000 નો ઇલેક્ટ્રોનિક માધ્યમથી ઓનલાઈન ટ્રાન્જેક્શન કરી આર્થિક નુકસાન પહોંચાડી છેતરપિંડી કરી હોવાની અજાણ્યા ઇસમ સામે ફરિયાદ કરી હતી. પારડી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ઓરવાડના ઢાબામાં જમવા માટે આપેલા ઓર્ડરમાં મોડું થતા હોટલ સ્ટાફ અને ગ્રાહકો વચ્ચે મારામારી

**બાજરાના** રોટલોની જગ્યાએ રોટલી આપતા કાઉન્ટર પર પૂછવા જતા મારામારી, સામસામી 8 સામે ફરિયાદ



અમૃત પટેલ

પારડી : પારડીના ઓરવાડ રામદેવ ઢાબામાં ગ્રાહકે જમવા માટે આપેલા ઓર્ડરનું જમવાનું મોડું થતા હોટલ સ્ટાફ અને ગ્રાહકો વચ્ચે મારામારી થતા પારડી પોલીસ મથકે સામસામી 8 ઈસમ વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ હતી.

પારડીના ઓરવાડ સ્થિત આવેલા રામદેવ ઢાબા ખાતે રહેતા શિવલાલ પ્રજાપતિએ ચાર ઈસમ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેમાં જણાવ્યું હતું કે રાત્રે કાર નં. જીજે.16 સીએસ. 0569 માં ચાર ઈસમ જમવા આવેલા હતા. જેઓએ જમવાનો ઓર્ડર આપતા થોડું મોડું થયું હતું. જ્યાં એક ઈસમે કાઉન્ટર ઉપર આવી ગાળો બોલતા સાથે અન્યો ઈસમોએ પણ આવી ગાળાગાળી કરતા ઢાબા ઉપરથી જતા રહેવા કહેતા એક ઇસ્મે બેલ્ટ કાઢી મારવા લાગ્યો હતો. સાથે ચાર ઈસમોએ મારામારી કરતા પોલીસને જાણ કરી હતી. મારામારીમાં ફરિયાદી શિવલાલને સારવાર હેઠળ ખસેડાયો હતો. ત્યારબાદ ચાર ઈસમો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી

જ્યારે સામાપક્ષના રવિ નરેન્દ્ર બલારા (રહે.અંકલેશ્વર)ના મિત્ર આર્ય લોહાત, સંદીપ ચૌધરી, વિક્રમ સિંહ અને તેની પત્ની કાર નં.જીજે.16 સીએસ. 0569 લઈ દમણ ફરીને પરત આવતા રાત્રિના ઓરવાડ રામદેવ ઢાબા પર જમવા માટે રોકાયા હતા. જ્યાં જમવાનો ઓર્ડર આપ્યો હતો. અને બાજરાનો રોટલો મંગાવેલો હતો, પરંતુ વેઇટરે રોટલી આપી હતી. ત્યારબાદ 15-20 મિનિટ થઈ જતા રોટલો ન આવતા કાઉન્ટર ઉપર ગયા હતા. જ્યાં યોગ્ય જવાબ ન આપી ઓર્ડર કેન્સલ કરી અહીંથી બધાને ભગાવો કહી ઢાબાના કાઉન્ટર ઉપર બેસેલા ઇસમે ગાળા ગાળી કરી આર્યનને થપ્પડ મારી હતી. ઉપરાંત ઢાબાના ત્રણ સ્ટાફ ઈસમોએ મારામારી કરી હતી. જ્યારે અજાણ્યા હેન્ડીકેપ વ્યક્તિએ હાથમાં પક્કડ લઈને માથામાં મારી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારે અન્ય મિત્રએ 108 એમ્બ્યુલન્સને જાણ કરતા ઈજાગ્રસ્તને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરિયાદી રવિ બલારાને માથાના ભાગે પાંચ ટાકા અને આર્યનને અને પત્નીને ઇજા પહોંચતા ફરિયાદ નોંધાઈ હતી. સમગ્ર મામલે રામદેવ ઢાબાના કાઉન્ટર ઉપર બેસેલા ઈસમ સહિત અન્ય ત્રણ વિરુદ્ધ પારડી પોલીસ મથકે ફરિયાદ નોંધઈ હતી.